# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્યના આદિવાસી વિસ્તારોમાં એક હજાર 614 પરાઓમાં પ્રથમવાર પાકા બારમાસી રસ્તા બનાવાશે – મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય.
2) અમદાવાદ-મહેસાણા વચ્ચેના 51 કિલોમીટરના ધોરીમાર્ગને આઠ માર્ગીય કરવા મુખ્યમંત્રીની મંજૂરી.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જુનાગઢમાં 220 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
4) રાજ્યની તમામ આંગણવાડીઓમાં જૂન મહિનાથી "આધારશિલા" અભ્યાસક્રમને અમલી બનાવાશે
5) વિશાખાપટ્ટનમ-માં ટી-20 આંતર-રાષ્ટ્રીય ક્રિકેટના ચોથા મુકાબલા માં ન્યૂઝિલૅન્ડ સામે ભારતે બોલિંગ પસંદ કરી.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ADIVASI VISTAR MARG

રાજ્યના આદિવાસી વિસ્તારોમાં એક હજાર 614 પરાઓમાં બે હજાર 600 કરોડ રૂપિયાના ખર્ચે પાકા બારમાસી રસ્તા તૈયાર કરાશે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ અંગે લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું ,
પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પ્રથમ તબક્કા હેઠળ પહેલી વાર આ કામ કરાશે.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI)

..........

# AMD MSN HIGHWAY

અમદાવાદ-મહેસાણા વચ્ચેના 51 કિલોમીટરના ધોરીમાર્ગને આઠ માર્ગીય કરાશે. મંત્રીમંડળની બેઠકમાં આ અંગે લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , બે હજાર 630 કરોડ રૂપિયાના ખર્ચે આ પરિયોજનાને મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા આ ધોરીમાર્ગ પર દૈનિક એક લાખથી વધુ વાહનની અવરજવર હોય છે. ત્યારે 51 કિલોમીટરના માર્ગમાં એક ઉચ્ચકક્ષાનો કૉરિડોર , આઠ ફ્લાયઓવર અને આઠ અંડરપાસ તૈયાર કરાશે.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI) – HIGHWAY

. . . . . . . . .

# CM PATEL IN JUNAGADH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસના કાર્યોમાં ગુણવત્તા સારી રાખવા પર ભાર આપતા કહ્યું, તેને સાચવવાની સૌની જવાબદારી છે. જુનાગઢમાં મહાનગર અને જિલ્લાના અંદાજે 220 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી પટેલે લોકોને સ્વચ્છતાને સ્વભાવ બનાવવા અનુરોધ કર્યો. તેમણે કહ્યું , જુનાગઢને વિકાસકાર્યો માટેની તમામ મદદ સરકાર દ્વારા કરાશે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . . . . . . . . . . .

# SIR SAHAKARI MANDALI

રાજ્યની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી આગામી છ મહિના સુધી નહીં યોજાય. પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા S.I.R. પ્રક્રિયા ચાલી રહી હોવાથી રાજ્યના મહેસુલી તંત્ર દ્વારા નિર્દિષ્ટ પ્રકારની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિઓની ચૂંટણી યોજવી મુશ્કેલ છે. તેના કારણે તમામ પ્રકારની ચૂંટણી પ્રક્રિયા આજે પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામાની તારીખથી આગામી છ મહિના સુધી યોજવામાંથી મુક્તિ અપાય છે.

. . . . . . . . . . . . . .

# RAJYAPAL SHRADDHANJALI

ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના આકસ્મિક અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. મુંબઈમાં લોકભવન ખાતે યોજાયેલી શોકસભામાં રાજ્યપાલશ્રીએ બે મિનિટનું મૌન પાળીને દિવંગત અજિત પવારને શ્રદ્ધાંજલિ આપી.

આ અંગે રાજ્યપાલશ્રીએ કહ્યું , સ્વર્ગીય અજિત પવારના અવસાનના સમાચાર અત્યંત દુઃખદ છે. શ્રી પવાર જન-જન સાથે જોડાયેલા , જમીનીસ્તરે લોકસંપર્ક ધરાવતા એક સમર્પિત , કર્મઠ અને સંવેદનશીલ જનનેતા હતા. મહારાષ્ટ્રની જનસેવામાં તેમનું યોગદાન હંમેશા અવિસ્મરણીય રહેશે.

. . . . . . . . . . . . .

# ADHARSHILA ABHYASKRAM

રાજ્યની તમામ આંગણવાડીઓમાં નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરાયેલા "આધારશિલા" અભ્યાસક્રમને જૂન મહિનાથી અમલી બનાવાશે. ગાંધીનગરમાં મહિલા અને બાળવિકાસ મંત્રી ડૉક્ટર મનિષા વકીલની અધ્યક્ષતાંમાં યોજાયેલી બાળપણની સંભાળ અને શિક્ષણ – ECCE પરિષદની બેઠકમાં આ અભ્યાસક્રમને મંજૂરી અપાઈ.

તેમણે કહ્યું, આંગણવાડીમાં બાળકોને ચાર કલાકના દૈનિક સમયપત્રક મુજબ રમત-ગમત સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાશે. ઉપરાંત બાળકો માટે ઉંમર મુજબની ‘પ્રવૃત્તિ પુસ્તિકા’ અને કાર્યકરો માટે ‘એક્ટિવિટી બેંક’ તૈયાર કરવામાં આવી છે. બેઠકમાં અભ્યાસક્રમની સાથે બાળકોના વિકાસના માપદંડ ધરાવતી પુસ્તિકા “મારી વિકાસ યાત્રા”ને પણ મંજૂરી મળી છે.

. . . . . . . . . . . . .

# HARSH SANGHAVI - GNR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કહ્યુંએ સરકાર હંમેશા ઉદ્યોગકારોના પડખે છે. ગાંધીનગરમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું , વૈશ્વિક બજારમાં ભારતની માગ વધી રહી છે. ભારત માટે આવનારી તક અકલ્પનીય છે. તેમણે તાજેતરમાં સ્વિત્ઝર્લૅન્ડમાં યોજાયેલા વિશ્વ આર્થિક મંચ – W.E.F.માં પોતાના અનુભવ અંગે પણ વાત કરી હતી. તાજેતરમાં ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે થયેલા મુક્ત વેપાર કરાર – F.T.A.થી ઘણો લાભ થશે તેમ પણ શ્રી સંઘવીએ ઉંમેર્યું હતું.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# IT RAID IN SURAT

સુરતમાં આવકવેરા વિભાગે અલગ અલગ 27 જેટલા સ્થળ પર દરોડા પાડ્યા. જાણિતા ઉદ્યોગપતિ અને તેમની સાથે વ્યવસાયિક સંબંધ ધરાવતા દલાલ અને ભાગીદારોના ઘરે આવકવેરા વિભાગના 150 જેટલા અધિકારીએ તપાસ હાથ ધરી છે. સવારે સાડા પાંચ વાગ્યાથી શરૂ થયેલી તપાસ દરમિયાન ઉદ્યોગપતિના પરિવારના તમામ સભ્યોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# SURAT INDIA EU FTA

ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે થયેલા મુક્ત વેપાર કરાર- FTAને દેશભરના ઉદ્યોગપતિઓ અને લોકો તરફથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ અંગે સુરત કાપડ અને વેપાર સંગઠન મહામંડળના પ્રમુખ કૈલાસ હાકીમે કહ્યું , આ કરારથી યુરોપિયન બજારમાં ભારતીય વેપારીઓના સરળ પ્રવેશ સાથે નોંધપાત્ર લાભ થશે.

(BYTE: KAILASH HAKIM, PRESIDENT, SURAT TEXTILES AND TRADES ASSOCIATION FEDERATION)

. . . . . . . . . . . . .

# MAHISAGAR ACCIDENT

મહીસાગરમાં વિરપુરના સાલૈયા ગામ પાસે વીજ લાઈનની સમારકામ કામગીરી દરમિયાન એક વીજકર્મીનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, વીજ લાઇનમાં સમારકામ દરમિયાન કામ કરતી વખતે એક ઈલેક્ટ્રીક સહાયકનુ કરંટ લાગવાથી ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

આ અંગેની જાણ થતાં લુણાવાડા મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ - MGVCL કચેરીના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી ત્યારબાદ તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ મોકલાયો.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ છે. તેવામાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં ઠંડીમાં ઘટાડાની આગાહી કરી છે. ત્યારબાદ ઠંડી ફરી વધી શકે છે. રાજ્યના અનેક જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડ્યો છે. હાલ સાત ડિગ્રી સૅલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે.

જ્યારે ભુજ, પોરબંદર, રાજકોટ અને ડીસામાં 11 ડિગ્રી સેલ્સિયસ , વડોદરા, અમરેલી અને સુરેન્દ્રનગરમાં 12 ડિગ્રી , કંડલા બંદર , મહુવા, ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરમાં 13 ડિગ્રી સેલ્સિયસ તેમજ આ સિવાયના જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો 13 ડિગ્રી સૅલ્સિયસથી વધુનો રહ્યો છે.

. . . . . . . . . . . . .

# EVE INDIA CRICKET SPORTS

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે આજે ટી-20 આંતર-રાષ્ટ્રીય ક્રિકેટનો ચોથો મુકાબલો રમાઈ રહ્યો છે. વિશાખાપટ્ટનમ્-માં ACA-VDCA ક્રિકેટ સ્ટૅડિયમ ખાતે રમાતી મૅચમાં સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે ટૉસ જીતીને બૉલિંગ_પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , મિશેલ સેન્ટરનરની આગેવાની હેઠળની ન્યૂઝિલેન્ડની ટીમે 3.2 ઑવરમાં વિના વિકેટ 40 રન કર્યા છે.

અગાઉ, ગુવાહાટીમાં રમાયેલી ત્રીજી મૅચમાં ભારતે ન્યૂઝિલેન્ડને આઠ વિકેટથી હરાવી પાંચ મૅચની શ્રેણીમાં ત્રણ-શૂન્યની અજય સરસાઈ મેળવી હતી.

. . . . . . . . . . .

# NARMADA UNI VISIT

નર્મદામાં બિરસા મુન્ડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે 17-મા ટ્રાયબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામનું સમાપન થયું. તેમાં ઝારખંડ , ઓડિશા, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને મધ્યપ્રદેશથી આવેલા 200 યુવા પ્રતિનિધિઓએ ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન વિકસિત ભારત 2047 વિષયક વક્તૃત્વ તથા સાંસ્કૃતિક પ્રદર્શન સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . . .

# MORBI ISLANDS NO ENTRY

મોરબી જિલ્લાના નવલખી બંદર તથા દરિયાઈ વિસ્તારમાં નાના-મોટા આઠ ટાપુને આગામી 25 માર્ચ સુધી પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરાયા છે. આ ટાપુઓ પર માનવ વસાહત અસ્તિત્વમાં ન હોવાથી ત્યાં કોઈ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ કે ઘુષણખોરી ન થાય તેમજ સુરક્ષાને લગતા કોઇ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે હેતુથી દરિયાઈ ટાપુઓને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરાયા છે.

. . . . . . . . . . . . .

# DIU ROAD SAFETY

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં માર્ગ સલામતી માસ અંતર્ગત મહિલા વાહનચાલકોને હેલમેટનું વિતરણ કરાયું. દીવ પરિવહન વિભાગ દ્વારા કરાયેલી ઉજવણી અંતર્ગત  20 જેટલી મહિલાઓને હેલમેટ અપાયાં. તથા દીવ નગરપાલિકા ઘોઘલા વિસ્તારના ગણેશનગર ખાતે પણ  25 મહિલાઓને હેલમેટ વિતરણ કરી તેમણે ટ્રાફિક નિયમો અંગે માહિતી અપાઈ.

. . . . . . . . . . . . .

# BOTAD MEETING

બોટાદમાં નાયબ કલેક્ટર મેહુલ પાંડોરની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ , પાણી અને સ્વચ્છતા વ્યવસ્થાપન સંગઠન-વાસ્મોની 27મી બેઠક યોજાઈ. તેમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી તથા સ્વસહાય જૂથ દ્વારા ગ્રામ્યકક્ષાની આંતરિક પાણી પુરવઠા યોજનાઓના સમારકામ અને નિભાવણીની કામગીરી કરવા અંગે ચર્ચા થઈ.

ઉપરાંત બેઠકમાં ગ્રામ્યકક્ષાના પંપ સંચાલકોને તાલીમ તથા ૦ થી ૩૦ ટકા પાણી વેરા વસુલાત ધરાવતાં ગામોની સમિક્ષા કરવા તેમજ વેરા વસુલાત વધારવા પ્રોત્સાહક પગલાં અંગે માર્ગદર્શન અપાયું.

. . . . . . . . . . . . .